# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૬

એકવાર બે મિત્રો રસ્તા પર જતા હતા અને તેઓ એક વર્તમાનપત્રની દુકાને ઊભા રહ્યા જેથી તેમાંનો એક વર્તમાનપત્ર ખરીદી શકે. એ વ્યક્તિએ દુકાનદારનો નમ્રતાપૂર્વક આભાર માન્યો. એ દુકાનદાર અભિસ્વીકૃતિના એક પણ શબ્દ વગર, લાગણીશૂન્યતાથી તેની સામે એકીટસે જોઈ રહ્યો. ‘‘તે કેટલા ખરાબ મૂડમાં છે,’’ બીજા માણસે ટીકા કરી.

‘‘અરે, દરરોજ રાત્રે એ આવો જ હોય છે,’’ તેના મિત્રે કહ્યું.

‘‘તો પછી તું તેની સાથે આટલો નમ્ર કેમ છે? તું તારું વર્તમાનપત્ર ખરીદવા અહીં શા માટે આવ્યા કરે છે?’’

અને પેલા વ્યક્તિએ ઉત્તર આપ્યો, ‘‘હું કઈ રીતે વર્તન કરવાનો છું એનો નિર્ણય હું તેને શા માટે લેવા દઉં?’’

જ્યારે તમે કોઈ અન્ય વ્યક્તિને તમારાં કર્મો કેવી રીતે કરવા એ નક્કી કરવા દો છો, ત્યારે તે ચોક્કસ સન્માનની ઊણપ દર્શાવે છે — તમારી યોગ્યતા માટે નહીં, કારણકે તમે હજુ ગાઈ શકો છો, તમે હજુ નાચી શકો છો, તમે હજુ તમારું કાર્ય કરી શકો છો. ના, એ નિશાની છે કે તમને તમારાં પોતાનાં હૃદયના પ્રકાશ માટે સન્માન નથી, તમારી અંદર નિવાસ કરતા ભગવાનમાં શ્રદ્ધા નથી.

આવું કેવી રીતે બને છે? એક વ્યક્તિ પોતાના પ્રત્યે, ભગવાન પ્રત્યે, સૃષ્ટિ પ્રત્યે, પ્રકૃતિ પ્રત્યેનો આદર કેવી રીતે ગુમાવે છે? બાઈબલમાં એવું લખ્યું છે, ‘‘જે વ્યક્તિ છળકપટ કરે છે તે મારા ધામમાં નિવાસ નહીં કરી શકે. જે વ્યક્તિ જુઠ્ઠું બોલે છે તે મારા સાન્નિધ્યમાં નહીં રહી શકે.’’

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૯, ‘સન્માન’માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૧૨૪-૧૨૫.